## Question-1

(પદ્યા વિભાગ) વિભાગ-A

(A) નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ☐ માં લખો.

૧. 'આલાલીલા વાંસડિયા' કાવ્ય કયા ભગવાનને ઉદ્દેશીને લખાયું છે ?
(અ) શ્રીકૃષ્ણ (બ) બ્રહ્મા (ક) ગણેશ (ડ) શંકર

૨. 'આલાલીલા વાસડીયા' કાવ્યનો પ્રકાર લખો.
(અ) ગઝલ (બ) દુહા (ક) સોનેટ (ડ) લોકગીત

૩. 'રાવણનું મિથ્યાભિમાન' કાવ્યમાં કોના સ્વયંવરની વાત કરી છે ?
(અ) સીતાજી (બ) લક્ષ્મીજી (ક) દમયંતી (ડ) દ્રોપદી

૪. સ્વયંવરમાં મુકેલા ધનુષ્યનું નામ શું હતું ?
(અ) પરાશર (બ) ગાંડીવ (ક) ત્ર્યંબક (ડ) અનુષ્કાં

૫. 'ગુજરાત મોરી મોરી રે' કાવ્યમાં કવિએ કયા રાજયના વાત કરી છે ?
(અ) મહારાષ્ટ્ર (બ) કેરલ (ક) આંધ્રપ્રદેશ (ડ) ગુજરાત

૬. 'ગુજરાત મોરી મોરી રે...' વારંવારના શબ્દો શું બતાવે છે ?
(અ) ગાવાની મજા માટે (બ) ગુજરાત પ્રત્યેનો પ્રેમ (ક) માલિકી ભાવ (ડ) ગુજરાતની વિશેષતા

૭. કોયલ કયાં બોલે છે ?
(અ) કુંજમાં (બ) ઘરમાં (ક) જંગલમાં (ડ) દરીયા કિનારે

૮. ગામડાંમાં ઘરે–ઘરે શું ગાજે છે ?
(અ) મશીન (બ) ઘંટીઓ (ક) કકળાટ (ડ) રેંટિયા

(B) ખરા વિધાન સામે (√) અને ખોટા વિધાન સામે (×) કરો.

૧. મોલે–મોલે પ્રભુએ મોતીડાં ગૂથ્યાં છે.
૨. રાવણ ત્ર્યંબક નામના ધનુષ્ય નીચે દબાયો.
૩. રામ સીતાજીની ચિંતા જાણી ગયા હતા.
૪. ચોરવાડના લોકાની આંખોમાંથી અમૃત નીતરે છે.
૫. નર્મદના સમયમાં ગુજરાતમાં જીવન દોહયલુ હતું.

(C) નીચેના આપેલા જોડકાં યોગ્ય રીતે જોડો.

(1)

| (A) | (B) |
|---|---|
| ૧. આલાલીલા વાંસડીયા | a. હાસ્યકથા |
| ૨. માતૃહદય | b. પ્રવાસવર્ણન |
| ૩. સાગર કાંઠાંનો પ્રવાસ | c. સાહસકથા |
| ૪. એક જાદુઈ પત્રની વાર્તા | d. લોકગીત |

(2)

| (A) | (B) |
|---|---|
| ૧. ગુજરાત મોરી મોરી રે | a. પ્રકૃતિ ગીત |
| ૨. શેરીએ આવે સાદ | b. પત્રલેખન |
| ૩. સુગંધ કચ્છની | c. સંવાદ |
| ૪. સારા અક્ષર | d. ઊર્મિગીત |

(D) નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો.

૧. વાંસળીએ શું લટકે છે ?
૨. ગીતમાં શ્રીકૃષ્ણ માટે કયા કયા શબ્દો વપરાયા છે ?
૩. સભામંડપમાં રાવણ કેવી રીતે બોલ્યો ?
૪. રાવણે જનક રાજાને શું કહયુ ?
૫. રાવણના મતે જનકરાજાને કોણ મારશે ?
૬. કવિએ ગુજરાતને કેવી કહી છે?
૭. સારસ પંખીની જોડી કયાં સહેલ કરે છે ?
૮. આંબાવાડિએ જઈ મિત્રો શું કરશે ?
૯. ગામડાના લોકોમાં કેવા ભેદ જોવા મળતા નથી ?
૧૦. નર્મદના સમયમાં ગુજરાતી સ્થિતિ કેવી હતી ?

(E) નીચેના પ્રશ્નોના જવાબ બે–ત્રણ વાકયમાં લખો.

૧. લોકગીતના આધારે વાંસળીનું વર્ણન કરો.
૨. ગીતમાં 'મોર્તીડા' શબ્દ કોના માટે વપરાય છે ?
૩. રાવણને પોતાના કયાં કયાં પરાક્રમોનું અભિમાન હતું ?
૪. ધનુષ્ય નીચે દબાયેલા રાવણ શી વિનંતી કરે છે ?

૫. સીતાએ ભગવાન શિવને શી પ્રાર્થના કરી ?
૬. ધનુષ્ય નીચે દબાયેલા રાવણે જનકને શું કહયુ ?
૭. કાવ્યમાં ગુજરાતના કયા કયા પ્રદેશોનો ઉલ્લેખ થયો છે ? એ પ્રદેશો શા માટે જાણીતા છે ?
૮. ગુજરાતનું સૌંદર્ય કયા શબ્દોમાં નિરૂપવામાં આવ્યુ છે ?
૯. કાવ્યમાં જે–જે પક્ષીઓનો ઉલ્લેખ થયેલો છે એમની વિશેષતાઓ જણાવો.
૧૦. વાસળી 'ઉતરાવવી' એમ કવિ શા માટે કહે છે ? 'બનાવવી' એમ શા માટે નહિ ?
૧૧. મૈત્રી ભાવનું જીવનમાં શું મહત્વ છે ?
૧૨. સર્વ દુઃખોનું ઔષધ મૈત્રીભાવને શા માટે કહયુ છે ?

(F) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.
૧. આ કાવ્યની પ્રસંગકથાનું વર્ણન તમારા શબ્દોમાં લખો.
૨. 'સીતા સ્વયવર' વિશે વધુ માહિતી મેળવીને લખો.
૩. રાવણ ધનુષ્ય નીચે દબાયેલો એ સમયે રાવણે જનક રાજાને શું કહયુ ?
૪. ધનુષ્ય ઉપાડવા જતાં રાવણની શી દશા થઈ ?

(G) નીચેની કાવ્યપંકિત પૂર્ણ કરો.

૧. આલા લીલા વાસડિયાં રે................................
.......................................................
વાસલડી વગાડે રે નંદજીનો લાડકો રે લોલ !

૨. સાબરના મર્દાની ........................................
.........................................................
.................................. છોળે નવરાવતી,

૩. નર્મદની ગુજરાત ................................
......................................................
.......................... કેમ કરી ભૂલવી ?

...અથવા...

(G) નીચેની કાવ્યપંકિતનો ભાવાર્થ લખો.

૧. ખેતરિયે કાંઈ ઝુલી રહયા છે, મોલ
મોલે–મોલે ગૂંથી દીધા પરભુજીએ મોતીડાં રે લોલ

૨. વાંસળીએ કાંઈ કમતાં લટકે ચાર,
આંગળીએ અંગૂઠીને અંગૂઠીમાં હીરલા રે લોલ

૩. ગિરનારી ટૂકો ને ગઢ રે ઈડરિયા,
પાવાને ટોડલે માં, કાળી મૈયા,
ડગલે ને ડુગરે ભર દેતી હૈયા,
ગુજરાત મોરી મોરી રે..

૪. કોયલ ને મોરને મેઘમીઠે બાલડે
નમણી પનિહારીને ભીને અંબોડલે
નીરતીર સારસશા સુખડુબ્યા જોડલે,
ગુજરાત મોરી મોરી રે,

---

## Question-2

---

(ગદ્ય) વિભાગ-B

(A) નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ ☐ માં લખો.

૧. ફિલ્મ જોવા માટે બંને મિત્રો પાસે શું નહોતું ?
(અ) સમય (બ) ટિકિટ (ક) પૈસા (ડ) અનુકુળતા

૨. વેદ સાહેબ શાના ગવર્નર હતા ?
(અ) લાયન્સ કલબ (બ) રોટરી કલબ (ક) ડાન્સ કલબ (ડ) સાયન્સ કલબ

૩. 'સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવન' કોને કહે છે ?
(અ) વેરાવળને (બ) ભાવનગરને (ક) દીવને (ડ) માધવપુરને

૪. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મસ્થળનું નામ શું છે ?
(અ) મહુવા (બ) પોરબંદર (ક) સાબરમતી (ડ) દ્વારકા

૫. સારા અક્ષરો કાઢવા હોય તો...
(અ) મન શાંત રાખવું (બ) કલમથી જ લખવું (ક) નવી બોલપેનની જરૂર પડે (ડ) લખવાનો વધુ મહાવરો કરવો

૬. ચારજો ને બદલે કયો શબ્દ વંચાયો ?
(અ) આવજો (બ) જાજો (ક) મારજો (ડ) તારજો

૭. 'માતૃહદય' પાઠની ઘટના કયા જંગલની છે ?
(અ) ગીરના જંગલ (બ) સારસવન (ક) સુંદરવન (ડ) અમરાનગર

૮. મોટી બહેને કોને પત્ર લખ્યો છે ?
(અ) સૌમિત્રી (બ) સૌમિલ (ક) સોહિલ (ડ) સોનલ

૯. સાચી વિદ્યામાં કયા મુનિની વાત રજૂ થઈ છે.
(અ) અત્રિ (બ) વિશ્વામિત્ર (ક) યાજ્ઞવલ્કય (ડ) કપિલ

(B) નીચેની ખાલી જગ્યા પુરો.

(સોમનાથ, સફળ, હાઉસફુલ, નારાયણ, કરગઠિયા)

૧. થિયેટર પર ............ નું પાટિયું ઝુલતુ હતુ.
૨. વર્ગ શિક્ષક ............ સ્થળે પ્રવાસે જવાનું નકકી કર્યું
૩. મેહુલે કહયુ ધીરજ રાખીને સતત પ્રયત્ન કરીશ તો ચોકકસ ............ થઈશ.
૪. આધેડ ઉંમરની બાઈ એક સાંજે ............ વીણવા નીકળી હતી.
૫. કચ્છમાં ............ સરોવર આવેલું છે.

(C)ખરા વિધાન સામે (√) અને ખોટા વિધાન સામે (×) કરો.

૧. પત્ર મેનેજર સાહેબે લખ્યો હતો.
૨. તળાજા પાસે સોમનાથનું મંદિર આવેલું છે.
૩. મણાર–અલંગ વહાણ તોડવાનું વિશ્વવિખ્યાત કેન્દ્ર છે.
૪. મોટી બહેન ચાટલું બરાબર સાફ કરજો એમ લખ્યુ હતું.
૫. માનવબાળ પોતાના નવા દોસ્તને લઈ નેસ તરફ નીકળ્યુ.
૬. માનવબળની નજીક સિંહણ પહોંચી ગઈ.

(D) નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો.

૧. વેદસાહેબ કયો હોદ્દો ધરાવે છે ?
૨. નિરંજનના કાકાએ પ્રેમપત્રો શાના આધારે ઉકેલી આપ્યા હતા ?
૩. છેલ્લે કયા સ્થળનો પ્રવાસ યોજાઈ ગયો હતો ?
૪. માધવપુરના સમુદ્ધ કિનારે કઈ ત્રણ નદીઓ મળે છે ?
૫. અશરફ કલમને શેમાં બોળવાનું કહે છે ?
૬. અક્ષરો વિશે ગાંધીજીએ શું કહયુ છે ?
૭. ગિરનાર કોની જેમ બેઠો છે ?
૮. પ્રાગટ ફૂટે એટલે માલધારી ઓ શું કરતા ?
૯. કચ્છની સીમાઓ શાનાથી વીંટળાયેલી છે ?
૧૦. ગુરુજી શિષ્યો સાથે કયાં કામ કરતા હતા ?

(E) નીચેના પ્રશ્નોના જવાબ બે–ત્રણ વાકયમાં લખો.

૧. લેટરપેડના ખરાબ અક્ષરો જોઈને લેખક શું કહે છે ?
૨. ‘દ્વારકા’ વિશે ત્રણ–ચાર વાકય લખો.
૩. માધવપુરનું વર્ણન પાઠના આધારે ટૂંકમાં લખો.
૪. દાંડી શા માટે પ્રખ્યાત છે ?
૫. સોનલના અક્ષર સારા આવે તેનું કયું કારણ રાધા આપે છે ?
૬. સોનલના દાદીમાએ અક્ષર સુધારવા માટે શી સલાહ આપી ?
૭. ખરાબ અક્ષરને લીધે થતા ગોટાળા માટે લેખિકાએ કયા કયા ઉદાહરણો આપ્યા છે ?
૮. સિંહબાળની માતા અને બાળકની માતાએ આખરે શું કર્યું ?
૯. પોતાની સાથે પોતાનું બાળક નથી એવી ખબર માતાને કયારે પડી ?
૧૦. બંને માતા વચ્ચે પાયાની સામ્યતા કઈ છે ? શા માટે ?
૧૧. કચ્છ જિલ્લાની સરહદે જોડાયેલા વિસ્તાર વિશે લખો.
૧૨. આ પત્રમાં કચ્છના જાણીતા સ્થળોના નામ લખો.

(F) નીચેના પ્રશ્નાાના જવાબ સવિસ્તારમાં લખો.

૧. પત્ર જાદૂઈ કેમ લાગ્યો ?
૨. નિરંજનના મિત્રએ પત્રનો કેવો ઉપયોગ કર્યો ?
૩. નિરંજને વેદસાહેબનો શો પરિચય આપ્યો ?
૪. ‘સાગર કાંઠાનો પ્રવાસ’ ગુજરાતના દરિયાકાંઠાના કયા–કયા સ્થળોની વાત કરી છે ?
૫. ધવલે બોલપેનથી લખવાના કયા ફાયદા બતાવ્યા ?
૬. માલધારી કોમનું જીવન કેવું હોય છે ?
૭. માલધારી સ્ત્રીનો જીવ કેમ અડધો થઈ ગયો ?
૮. ‘‘માનવ હોય કે પશુ માતૃહદય તો સૌના સરખા !’’ આ પંકિતનો અર્થ સમજાવો.
૯. કયું દ્રશ્ય જોઈને માતાને ધરતી ગોળ ફરતી લાગી ?
૧૦. પરીક્ષિત લાલ કર્મયોગી શા માટે કહેવાયા ?

(G) નીચેના પકિતિઓ કોણ બોલે છે ? અને કોને કહે છે ? તે લખો.

૧. ‘‘ટિકિટ ન હોય તો આજે રવિવારે ફિલ્મ જોવાની વાત પણ કેવી રીતે થઈ શકે ?’’
૨. ‘‘ઓહ! એમ વાત છે ? અઠવાડિયા પછી તપાસ કરજો ?’’
૩. ‘‘વેદ સાહેબ નો પત્ર છે ?’’
૪. ‘ના રે ના સાહેબ! આપે આજ અમને ઘણી મદદ કરી છે ?’
૫. ‘‘આવો, બેસો! ચા લેશોને !’’
૬. ‘લોથલ અને તીથલને કશો સબંધ ખરો ?’
૭. ‘ઓ લાલ , મેરી પત રખિયો બલા ઝુલે લાલણ...!’
૮. ‘આ કલમ વળી શું ?’
૯. ‘તુ જ કહે અને આ મારી વાત સમજતો નથી ’
૧૦. ‘ધીરજ રાખીને સતત પ્રયત્ન કરીશ તો ચોકકસ સફળ થઈશ.’

## Question-3

(વ્યાકરણ) વિભાગ-C

(A) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.

૧. વાસળી ૨. પ્રભુ ૩. વેવિશાળ ૪. સમજ ૫. અભિમાન
૬. મુગ્ધ ૭. કાયમ ૮. લોમ ૯. ધરતી ૧૦. ડુંગર

(B) નીચે આપેલા શબ્દોની વિરુધ્ધાર્થી શબ્દ લખો.

૧. લીલુ × ૨. વ્યવસ્થા × ૩. મુશ્કેલ × ૪. સત્ય × ૫. માન ×
૬. મોંઘુ × ૭. અમૃત × ૮. જુદા × ૯. પ્રકાશ × ૧૦. પાપ ×

(C) નીચે આપેલા શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.

૧. આછી ભિનાશ ધરાવતા
૨. પ્રેક્ષકોથી ભરાયેલું
૩. સંકટને હરનાર
૪. દરિયાઓની મુસાફરી કરનાર
૫. વહાણો દ્વારા–પરદેશનો વેપાર ખેડવા
૬. શાહી રાખવાનું પાત્ર
૭. એક સામટા જથ્થામાં આગળ ધસે તે
૮. લાકડાના નાના–નાના ટૂકડા
૯. ચારેબાજુ પાણીથી વીંટળાયેલી જમીન
૧૦. પ્રાચીન કાળથી ચાલ્યું આવતુ

(D) નીચે આપેલા શબ્દોની જોડણી સુધારે.

૧. અંગૂઠિ ૨. સીનેમાગૃહ ૩. કારકીર્દિ ૪. નિવારણ ૫. સ્તુતી
૬. પૌરાણીક ૭. ચીન્તા ૮. મોંઘેરી ૯. ચુંટતુ ૧૦. પૃથવી

(E) નીચે આપેલા તળપદા શબ્દોના શિષ્ટરૂપ આપો.

૧. વઢવું ૨. ફુમતા ૩. ખોળિયુ ૪. હારે
૫. વરહ ૬. મુજને ૭. પરે ૮. અંગૂઠી

(F) નીચે આપેલા શબ્દોને કક્કાવારીના ક્રમમાં ગોઠવો.

૧. લટકવું, આંગળી, હીરલા, ફૂમતાં, મોલ, મોતીડાં
૨. વાત્સલ્ય, શિષ્ય, ફિલ્મ, ગર્વનર, નિરંજન, વિવેક
૩. મેરુ, ચાપ, ભુષણ, અભિમાન, નિશિચર, ત્ર્યંબક, અતિ, દુઃખ, લોચન, કદૂક
૪. નકકી, ભક્કમદાર, છોલ, અણી, શાહી, રીફીલ
૫. ભોમ, આંખ, મોજાં, ઉમેટ, ટોડલો, અમીમીટ
૬. નવજાત, કોશિશ, અદ્‌ભૂત, માતૃહદય, રક્ષણ, બલિહારી
૭. ધ્રૂજે, પ્રકાશ, ધુરા, ખટુકે, ગાજવું, મીંઢુ
૮. અંધકાર, આભ, સુવાસિત, વૃથા, કોયલ, વેર, ઓષધ, મિત્ર
૯. પોર, શેરી, ભેરુ, કુંજ, કોયલ, આંગણું

(G) નીચે આપેલા વાકયમાંથી ક્રિયાપદ શોધીને લખો.

૧. વાંસળીમાં ફુમતાં લટકે છે.
૨. ફિલ્મ જોવાની મજા પડી.
૩. કનું શરમાઈ ગયા.
૪. પહેલવાન હસી પડયો.
૫. મેં વાડીમાં રીંગણી વાવી છે.
૬. મહારાજ ઝાડ પરના માંચડે બેઠાં હતા.
૭. નિરંજને મને પત્ર આપ્યો
૮. લાકડામાંથી રમકડાં અને કાંસકી પણ બને છે.

(H) ની આપેલા વાકયમાંથી નામપદ શોધીને લખો.

૧. સીતાએ શિવને પ્રાર્થના કરી.
૨. શ્રીકૃષ્ણ વાંસળી વગાડે છે
૩. માધવ મોરલી વગાડે છે
૪. માધવપુરમાં રુકમણી કૃષ્ણના લગ્ન થયા.
૫. આ દક્ષિણધ્રુવની દિશા છે.
૬. નિરંજન, અને મિત્રએ ફિલ્મ જોવાનું નકકી કર્યું

(I) નીચે આપેલા વાકયમાંથી વિશેષ્ય અને વિશેષણ શોધીને લખો.

૧. ઉંભુ કર્યુ જવ ધનુષ્ય, અતિ બળ કરી મહાકાય
૨. રણમાં કાળો ડુંગર બિરાજમાન છે
૩. કચ્છની ધીંગી ધરતી છે.
૪. કરી વિકટ દ્રષ્ટી ધનુષ્ય ઉપર
૫. એવુ સાંભળી અટ્ટહાસ હસ્યા રાવણરાય
૬. તદા થયો નિસ્તેજ રાવણ
૭. અતિ બળ કરી ઉચકયુ.
૮. અમિત સુંદર અક્ષરે લખે છે.

(J) નીચે આપેલા વાકયમાંથી ક્રિયાવિશેષણ શોધીને લખો.

૧. પેલા માણસ ટાઢથી થરથર ધ્રૂજે છે.
૨. માણસો ટપોટપ મરવા લાગ્યા
૩. એક સંન્યાસી શાંતિથી ચાલ્યા આવે
૪. અમે બિલ્લી પગે આગળ વધ્યા

૫. કોચલા પાણીમાંથી આમતેમ ઝોલા ખાઈ રહયા હતા. ૬. દાદાજી જલ્દી–જલ્દી મંદિર તરફ ગયા.
૭. આદિત્યને ધીમે–ધીમે ગાવાનું શરૂ કર્યું

(K) નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ આપી વાકય પ્રયોગ કરો.

| | | | |
|---|---|---|---|
| ૧. છલી વળવુ | ૨. દિગ્મૂઢ | ૩. વિકટ | ૪. ચાક ચડાવવો |
| ૫. વેર લેવુ | ૬. શ્વાસ ચઢવો | ૭. દરિયા દિલ હોવુ | ૮. અમી વાદળી ઉઠવી |
| ૯. વાતૈના વડાં કરવા | ૧૦. દિલનો ટૂકડો હોવું | ૧૧. પંથ કાપવો | ૧૨. હદય દ્રવી ઉઠવું |

(L) નીચે આપેલી કહેવતનો અર્થ લખો.

૧. 'પારકી આશા સદા નિરાશ' ૨. 'ધન્ય ઘડી ને ધન્ય દહાડો'
૩. સંગ તેવો રંગ ૪. હસતા ઘર વસ્તા/ હસે તેનું ઘર વસે
૫. ચેતતા નર સદા સુખી ૬. ગરજવાને અક્કલ ન હોય ૭. વિનાશકાળે વિપરિત બુદ્ધિ

---

## Question-4

---

વિભાગ-D

(A) પત્રલેખન કરો.

૧. તમે શાળામાં યોજનાર પ્રવાસમાં જોડાવા ઈચ્છો છો એટલે પિતાજીની પરવાનગી માંગતો પત્ર લખો.
૨. તમે કરેલ પ્રવાસનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.

...અથવા...

(A) નીચે આપેલા મુદ્દા પરથી વાર્તાલેખન કરો.

૧. એક વેપારી – પોતાના ઘરેણાં ની ચોરી –ર બધા નોકરોને બોલાવવા – એક નોકર પર શંકા – યુકિત – દરેક નોકરને સરખી લંબાઈની લાકડી આપવી – ચોરની લાકડીની લંબાઈ પાંચ સેમી વધી જશે ? તેમ જણાવવુ બીજા દિવસે એક લાકડી નાની માલૂમ પડવી – ચોર પકડાઈ જવો – બોધ

૨. બે સ્ત્રીઓ – એક બાળક માટે લડવુ – ઝગડો વધી જવો – ન્યાય જવું – નોકરને બોલાવવા – બાળકના ટુકડા કરવાનો આદેશ – બાળકની માતાનું રૂદન – બેભાન થવું – અન્ય સ્ત્રીને સજા

૩. એક ગામ – ગામમાં એક ખેડુત – તેને ચાર દીકરા – દીકરાઓનો અંદરોઅંદર કુસંપ – ખેડુતનું વૃદ્ધ થવું – છોકરાઓને શીખ આપવા માટે વિચારવું – એક લાકડીની ભારી મંગાવવી – છોકરાઓને ભાંગવા કહેવું – ભારીનું ભાગવું નીહ – એક એક લાકડી ધૂટી કરીને આપવી – લાકડીનું ભાંગી જવું – સૌને સાર સમજાવો.

(B) નીચે આપેલા વિષય પર નિબંધ લખો.

૧. મારો યાદગાર પ્રવાસ ૨. માતૃપ્રેમ ૩. ગરવી ગુજરાત
૪. ઉનાળાની બપોર ૫. મારું ગામ

(C) ટૂંકનોંધ / પાત્રા લેખન કરો.

૧. વેદસાહેબ વિશે પાંચ–સાત વાકયો લખો ૨. માધવપુરનું વર્ણન કરો
૩. દ્વારકાનુ વર્ણન કરો ૪. ગુજરાત વિશે આઠ–દસ વાકયો લખો.
૫. દાદા મેકરણ વિશે પાંચ – સાત વાકયો લખો ૬. કંડલા બંદર વિશે પાંચ–સાત વાકયો લખો.

(D) નીચે આપેલી પંકિતઓનો વિચાર વિસ્તાર કરો.

૧. નમતાથી સૌ કોરીઝે નમતાને બહુ માન
સાગરને નદીઓ ભજે, છોડી ઉંચા સ્થાન
૨. હોય કામ મુશ્કેલ પણ ઉદ્યમથી ઝટ થાય
ખંત જા દિલમાં હોય તો કદી ન ફોગટ જાય
૩. ખરાબ અક્ષરો એ અધુરી કેળવણી ની નિશાની છે
૪. પાણી અને વાણી વિચારીને વાપરો
૫. આપ સમાન બળ નહી
મેઘ સમાન જળ નહી